




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-13 ■ તા. 26-03-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## કર્મચારીઓને ૪૨%ના દરે મોંઘવારી ભથ્થું ચૂકવાશે,તે માર્ચના પગાર સાથે અપાશે

### કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબર પેંશનરોને પણ વધારાનો લાભ મળશે

નવીદિલ્હી,તા.૨૫

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪% વધારો કરવામાં આવ્યો છે. કેબિનેટે તેને મંજૂરી આપી દીધી છે. હવે કેન્દ્રીય કર્મચારીઓને ૪૨%ના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. તે માર્ચના પગાર સાથે ચૂકવવામાં આવશે. પીએમ મોદીની આગેવાની હેઠળની કેબિનેટની બેઠકમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (ઢછ)માં ૪%નો વધારો કરવાની મંજૂરી આપવામાં આવી હતી. મોંઘવારી ભથ્થાના વધેલા દરો જાન્યુઆરી ૨૦૨૩થી લાગુ થશે. કર્મચારીઓ અને પેન્શનરોને એરિયર્સ મળશે. તેનાથી સરકાર પર દર વર્ષે ૧૨૮૧૫ કરોડ રૂપિયાનો આર્થિક બોજ પડશે.

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ડીએ વધારાની જાહેરાત કરવામાં આવી હતી. આજે કેબિનેટ કમિટી ઓફ ઈકોનોમિક અફેર્સની બેઠકમાં મોંઘવારી ભથ્થામાં ૪%નો વધારો કરવામાં આવ્યો હતો. મોંઘવારી ભથ્થું હવે વધીને કુલ ૪૨% થઈ ગયું છે. ડેટાના આધારે કર્મચારીઓને મોંઘવારી ગણીને ભથ્થું આપવામાં આવે છે. તે દર ૬ મહિને સુધારવામાં આવે છે. જાન્યુઆરી માટે મોંઘવારી ભથ્થામાં ૪%નો વધારો થયો છે. જાન્યુઆરીથી જ તેનો અમલ કરવામાં આવશે. જાન્યુઆરી પહેલા મોંઘવારી ભથ્થું ૩૮ ટકાના દરે મળતું હતું. માર્ચમાં તેની જાહેરાતને કારણે જાન્યુઆરી અને ફેબ્રુઆરીના એરિયર્સ પણ આપવામાં આવશે.

મોંઘવારી ભથ્થા માટે ઔપચારિક મંજૂરીની જાહેરાત કરવામાં આવી છે, તેને વધારીને ૪૨% કરવામાં આવશે. કેબિનેટની મંજુરી બાદ નાણા મંત્રાલય તેને ટૂંક સમયમાં જ સૂચિત કરશે. નોટિફિકેશન જારી થયા બાદ કેન્દ્રીય કર્મચારીઓનો પગાર ચૂકવવામાં આવશે. માર્ચના પગારમાં નવું મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે તે નિશ્ચિત છે.

જયારે નાણા મંત્રાલય મોંઘવારી ભથ્થામાં વધારાની સૂચના આપે છે, ત્યારે ચુકવણી શરૂ થાય છે. એવું માનવામાં આવે છે કે તે માર્ચના પગારમાં ચૂકવવામાં આવશે. પરંતુ, ૪% ના વધારા સાથે, મોંઘવારી ભથ્થું જાન્યુઆરી ૨૦૨૩ થી લાગુ ગણવામાં આવશે. આ સ્થિતિમાં કર્મચારીઓને ૨ મહિનાનું ડીએ એરિયર મળશે. પે બેન્ડ ૩ માં કુલ વધારો દર મહિને ૭૨૦ રૂપિયા થવાનો છે. એટલે કે તેમને જાન્યુઆરી અને ફેબ્રુઆરી માટે ૭૨૦x૨=૧૪૪૦ રૂપિયાનું એરિયર્સ પણ મળશે. આ વધારો મૂળ પગાર પર હશે.

લેબર બ્યુરો દર મહિને કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતની ગણતરી કરે છે. આ માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના આધારે ગણતરી કરવામાં આવે છે. લેબર બ્યુરો એ શ્રમ મંત્રાલયનો ભાગ છે. ગયા વર્ષે જુલાઈ ૨૦૨૨માં ૪%નો ડીએ વધારો કરવામાં આવ્યો હતો. હવે ફરી એકવાર ૪% વધારો કરવામાં આવ્યો છે. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ જાહેર કરાયેલા ડેટા પરથી નક્કી કરવામાં આવ્યું હતું કે મોંઘવારી ભથ્થામાં ૪.૨૩%નો વધારો થશે. પરંતુ, તે રાઉન્ડ ફિગરમાં કરવામાં આવે છે, તેથી તે ૪% છે.૭મા પગારપંચ હેઠળ સરકારે દેશના લાખો પેન્શનધારકોને ભેટ પણ આપી છે. ડીએ વધારાની સાથે, મોંઘવારી રાહત પણ ૪% વધી છે. એટલે કે પેન્શનરોને પણ ૪૨%ના દરે મોંઘવારી રાહત આપવામાં આવશે. એકંદરે, મોદી સરકારે ૭મા પગાર પંચ હેઠળ કર્મચારીઓ અને પેન્શનરોના પૈસામાં વધારો કર્યો છે.

## ગાંધીજી પાસે કોઈ ડિગ્રી ન હતીઃ જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલે નવો વિવાદ છેડયો

નવીદિલ્હી,તા.૨૫

દેશમાં પ્રથમ વખત મહાત્મા ગાંધીજીની શૈક્ષણિક ડિગ્રીનો એક નવો વિવાદ છેડાયો છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હાએ ગ્વાલીયરમાં આઈટીએમ યુનિ.ના એક કાર્યક્રમને સંબોધન કરતા એવું વિધાન કર્યુ કે અનેક લોકોને અને ખાસ કરીને ભણેલા-ગણેલા લોકોને એવો ભ્રમ છે કે ગાંધીજીની પાસે લો ડીગ્રી હતી પણ હું અહી દર્શાવી રહ્યા છે કે ગાંધીજી પાસે કોઈ ડિગ્રી ન હતી.

ગાંધીજીએ ફકત હાઈસ્કુલમાં ડિપ્લોમા કર્યો હતો. આઈએમટી યુનિ.માં ડો. રામમનોહર લોહિયાની સ્મૃતિમાં એક પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં મનોજ સિન્હાએ આ પ્રકારના વિધાનો કર્યા હતા. જેમાં અહી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હતા.

તેઓએ પુસ્તકનું વિમોચન કર્યા બાદ મહાત્મા ગાંધી પર ગાંધીજીની ડિગ્રીનો વિવાદ છેડતા કહ્યું કે તમો મને પ્રશ્ન કરશો તો હું પૂરતા તથ્યો સાથે આ વાત કહી રહ્યા છે કે તેનો આધાર પણ મારી પાસે છે. જો કે ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ આ અંગે ટવીટ કરીને વળતો જવાબ આપતા કહ્યું કે, ગાંધીજી પાસે લોની ડિગ્રી હતી પણ તેઓ જો ગવાર લોકોને ઉપરાજયપાલ બનાવી દો તો આ જ સ્થિતિ બનશે.

તેઓએ કહ્યું કે, ગાંધીજી પાસે લો ડિગ્રી હતી પણ તેઓ પાસે ડબલ મેટ્રીકયુલેશનની ડિગ્રી હતી. તેઓએ કહ્યું કે ગાંધીજીએ ભણીને આ ડિગ્રી મેળવી હતી. તેઓએ લંડન યુનિ. સાથે સંકળાયેલી ઈનર ટેમ્પલ કોલેજમાંથી લો ડિગ્રી મેળવી હતી અને તેઓએ લેટીન અને ફ્રેન્ચમાં ડિપ્લોમા પણ કર્યો હતો. તેઓએ કહ્યું કે હું જમ્મુ-કાશ્મીર રાજભવને ગાંધીજીની આત્મકથા મોકલી અને આશા છે કે ઉપરાજયપાલ તે વાંચશે.

જો કે તેઓએ મનોજ સિન્હા પર વધુ કટાક્ષ કરતા કહ્યું કે હું તેની હિમ્મતને દાદ આપુ છું. તેઓએ નિર્ભય બનીને તેનું અજ્ઞાન પ્રદર્શિત કર્યુ છે. છતાં તેઓને જે ભૂમિકા સોપવામાં આવી છે તે વફાદારીપૂર્વક બજાવે છે. તેઓને ખબર છે કે તે જૂઠ બોલે ચ પણ છતા હિમતપૂર્વક બોલે છે અને તેમની પાસેથી આ આશા ન હતી છતાં હું મારી ફરજ બજાવીશ અને તેમને મહાત્મા ગાંધીની આત્મકથા મોકલીશ. તેણે કટાક્ષ કરતા કહ્યું કે એ વાસ્તવિકતા છે કે તેમની પાસે (ગાંધીજી) પોલીટીકલ ચાલનારી 'ડીગ્રી' ન હતી.

# ભાદર, ખારી, સાબરમતીનાં પ્રદુષણ લેવલ નિયતમાત્રા કરતા અનેકગણું વધુઃ કેન્દ્ર સરકારનો રીપોર્ટ



નવીદિલ્હી,તા.૨૫

ગુજરાતમાં વિભાગનાં પ્રારંભે કેટલાંક ભાગોમાં પાણીનો દેકારો શરૂ થઈ ગયો છે. ત્યારે સમગ્ર દેશમાં સૌથી વધુ પ્રદુષિત નદીઓ ગુજરાતમાં હોવાનો ચોંકાવનારો રીપોર્ટ જાહેર થયો છે. ભાદર, ખારી, સાબરમતી તથા અમદાવાદ ખાડી સૌથી વધુ પ્રદુષીત છે અને નિયતસ્તર કરતા અનેકગણી વધુ પ્રદુષિત છે.

કેન્દ્રના પર્યાવરણ વન અને કલાયમેટ ચેંજ વિભાગનાં રીપોર્ટમાં એવો ખુલાસો થયો છે કે ભારતમાં સૌથી વધુ પ્રદુષીત નદીઓ, ક્ષેત્રફળ ગુજરાતમાં છે.નદીઓનાં છ પટ ૨૦૧૮ થી ૨૦૨૨ માં સૌથી વધુ પ્રદુષિત માલુમ પડયા હતા અને પ્રાયોરીટી-૧ નાં ખતરનાક સ્તરમાં મુકાયા હતા. દિશામાં સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ પ્રદુષીત નદીઓ ગુજરાતમાં હોવાનું કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે એકત્રીત કરેલા આંકડાઓ પરથી સુચવાયું છે.

સાબરમતી, અમલાવાડી, ભાદર તથા ખારી એવી ચાર નદી ચાર વર્ષથી પ્રાયોરીટી-૧ હેઠળ છે.તે પૈકી ભાદર, સાબરમતી તથા ખારીમાં નિયત પ્રતિ લીટર ૩ મીલીગ્રામ બાયોલોજીકલ ઓકસીજન ડીમાંડની સામે અનુક્રમે ૨૫૮.૪, ૨૯૨ તથા ૧૯૫ ના ખતરનાક સ્તરે છે. આ ક્ષેત્રોમાં ભારે ઔદ્યોગીકકરણ વચ્ચે છોડાતુ ઉદ્યોગોનું પાણી નબળી વેસ્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ જેવા કારણો નદી પ્રદુષણ માટે જવાબદાર છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઉનાળાનાં પ્રારંભ સાથેજ અનેક ભાગોમાં પાણીનો દેકારો શરૂ થયો છે તેવા સમયે જ આ ચોંકાવનારી રીપોર્ટ જારી થયો છે. આસપાસનાં ગામો-શહેરોના લોકો માટે આ નદીઓના પાણી જીવાદોરી બની શકે તેમ હોવા છતા પ્રદુષીત છે. સાબરમતીને લાગે વળગે છે ત્યાં સુધી રાયસન તથા ધોળકાના વૈઠાનો પટ પ્રદુષીત છે.

રસપ્રદ વાત એ છે કે, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ચાલુ સપ્તાહમાં જ ગુજરાત સરકારનો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનાં ૨૧૦૦ કરોડ આપવાનો આદેશ કર્યો હતો. રીપોર્ટમાં એમ જણાવાયું હતું કે દેશના ૧૮ રાજયો કેન્દ્ર શાસીત પ્રદેશોમાં પ્રાયોરીટી ક્ષેત્ર હેઠળ રહેલી પ્રદુષિત નદીઓની કુલ સંખ્યા ૪૬ છે તેમાં ગુજરાત અને ઉતર પ્રદેશમાં ૬-૬, હિમાચલ પ્રદેશ ૪, મહારાષ્ટ્ર તથા તામીલનાડુમાં ૪-૪, કર્ણાટક પંજાબમાં ૩-૩ હરીયાણા-મધ્યપ્રદેશ-મેઘાલય-રાજસ્થાન-ઉતરાખંડમાં ૨-૨ તથા તેલંગણા આંધ્રપ્રદેશ આસામ, દિલ્હી, પશ્ચિમ બંગાળ તથા ઓડીસામાં એક એક નદી છે.

દેશમાં ઝડપી શહેરીકરણ તથા નબળી વેસ્ટવોટર મેનેજમેન્ટ સીસ્ટમને કારણે શહેરી ક્ષેત્રોનાં નદીના પટ પર જ વધુ પ્રદુષિત બની રહ્યા છે. આ નદીઓમાં ચોમાસા સિવાય પાણીના લેવલ-પ્રવાહ ધીમા હોય છે અને વેસ્ટ વોટર ઠલવાવાની સાથે ટ્રીટમેન્ટ પ્રક્રિયા નબળી હોવાથી પ્રદુષણ સ્તર વધુને વધુ ખતરનાક થઈ રહ્યું છે.

### રાહુલ ગાંધીનું સાંસદ પદ જતા જ હવે બેરોજગાર થયા !

# સાંસદનું પદ જતાં લાખો રૂપિયાની સરકારી સુવિધાઓ અને લાભો બંધ કરવામાં આવી

### રાહુલ ગાંધીને સભ્ય પદેથી હટાવાયા ત્યારે મહિનાના અંતિમ ૭ દિવસ હોવાથી માર્ચ મહીનાનો પગાર પણ ગુમાવે તેમ છે.



નવીદિલ્હી,તા.૨૫

સુરત કોર્ટના આદેશના આધારે, લોકસભા સચિવાલયે કોંગ્રેસના નેતાને ગેરલાયક ઠેરવ્યા છે અને તેમની સીટ ખાલી જાહેર કરી છે. મહત્વનું છે કે ચૂંટણી પંચ હવે બેઠક માટે વિશેષ ચૂંટણી જાહેર કરી શકે તેમ છે. કેરળના કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને તેમની 'મોદી અટક' ટિપ્પણી પર ૨૩ માર્ચે ફોજદારી માનહાનિ કેસમાં સુરતની અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યાની તારીખથી ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. ત્યારે રાહુલ ગાંધીની લોકસભાની સીટ હાથમાંથી જતાં તેઓ બેરોજગાર બનશે !

રાહુલ ગાંધી લોકસભામાં તેમની બેઠક ગુમાવવા સાથે કેટલાય એવા સાંસદ સભ્યના લાભો અને વિશેષાધિકારો ગુમાવે તેમ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને નવી દિલ્હીમાં ૧૨ તુગલક રોડ ખાતેનું તેમનું સત્તાવાર નિવાસસ્થાન પણ ખાલી કરવું પડશે જે માટે તેમને એક મહિનાનો સમય મળશે. તેમના રહેઠાણ ઉપરાંત, રાહુલ હવે તેના તમામ લાભોની શ્રેણી માટે તેઓ હકદાર રહેશે નહીં.

તેના સભ્ય પદને લઈ તેમણે માસિક મળતા એવા કેટલાક લાભો છે જેમાં ૫૦,૦૦૦ રૂપિયાનો પગાર અને ૨૦૦૦ દૈનિક ભથ્થું . વધુમાં દર મહિને રૂ. ૪૫,૦૦૦ના ઓફિસ ભથ્થા માટે પણ રાહુલ ગાંધી હવે હકદાર નહી રહે. મહત્વની વાત એ છે કે રાહુલ ગાંધીને સભ્ય પદેથી હટાવાયા ત્યારે મહિનાના અંતિમ ૭ દિવસ હોવાથી માર્ચ મહીનાનો પગાર પણ ગુમાવે તેમ છે.રાહુલ ગાંધીના મુસાફરી ભથ્થાં પણ ગુમાવશે જેમાં એક મફત નોન-ટ્રાન્સફરેબલ ફર્સ્ટ ક્લાસ એસી અથવા સેકન્ડ ક્લાસનું ભાડું, સાથે વિમાન મુસાફરી માં તેમણે મળતી સરકારી સુવિધાઓ હવે નહિ મળે. ફોર વ્હીલ કાર દ્વારા જો કોઈ સભ્ય મુસાફરી કરે તો તેમને સરકાર દ્વારા પ્રતિ કિલોમીટર ૧૬ રૂપિયાનું ભથ્થું આપવામાં આવે છે. પરંતુ હવે રાહુલ ગાંધી આ મુસાફરી ખર્ચ પણ જાતે જ ભોગવશે.

એક સાંસદ તરીકે, રાહુલ ગાંધી જીવનસાથી અથવા કોઈપણ સાથી કે સંબંધીઓ સાથે એક વર્ષ દરમિયાન ૩૪ હવાઈ મુસાફરીનો લાભ મેળવવા માટે પણ હકદાર હતા. જીવનસાથી કે સાથી સભ્યને મળવા વર્ષમાં આઠ વખત એકલા મુસાફરી કરવાની અનુમતિ હતી જે હવે લાગુ નહિ રહે. જીવનસાથી, સાથીદારો અથવા સંબંધીઓ દ્વારા કરવામાં આવતી કોઈપણ મુસાફરી ૩૪ હવાઈ મુસાફરીની ટોચમર્યાદાની ગણતરીમાં ઉમેરી આ રકમની અંદર સુવિધા પૂરી પાડવામાં આવતી હતી. જે તમામમાંથી રાહુલ ગાંધી હાથ ધોઈ બેઠા છે.રાહુલ ગાંધીને સાસંદ સભ્ય તરીકે ત્રણ ટેલિફોન કનેક્શનની સુવિધા આપવામાં આવતી હતી જે પણ છીનવાઈ છે. આ ટેલિફોન કનેક્શન દ્વારા સામૂહિક રીતે એક વર્ષમાં કુલ ૧,૫૦,૦૦૦ ફ્રી કૉલ કરવાની મંજૂરી હતી તે હવે મળવા પાત્ર રહેશે નહિ.હાલના સમયમાં કેટલાક રાજયોમાં પાણી અને વીજળીની પૂરતી સુવિધા નથી એવામાં સાંસદ સભ્યોને વાર્ષિક ૪ હજાર લિટર પાણી અને ૨૫ હજાર યુનિટ વીજળી મફત સરકાર દ્વારા આપવામાં આવે છે પરંતુ હવે રાહુલ ગાંધી આવી તમામ સુવિધાઓથી હાથ ધોઈ બેઠા છે. આ ઉપરાંત, રાહુલ તબીબી સુવિધાઓ મેળવવા માટે પણ હકદાર છે, વાહન ખરીદવા કોઈ પણ સાંસદ સભ્યને ૪૦,૦૦,૦૦૦ રૂપિયા સુધીની સહાય સુધી આપવામાં આવે છે. કમ્પ્યૂટર સાધન માટે ૨ લાખ રૂ. અથવા ૧૫૦૦૦૦/- રૂ. સુધીની મહત્તમ મૌદ્રિક સીમાની અંદર કમ્પ્યૂટર એટલે કે, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, પમટૉપ, ઈ-રીડર જેવી ખરીદીના હકદાર છે. આ સાથે સાંસદ સભ્ય તરીકે સચિવાલયમાં મળતી વિવિધ સુવિધાઓ મળવા પાત્ર રહેશે નહિ. જોકે આવી સુવિધાઓનું લાંબુ લિસ્ટ બને તેમ છે.

## 'રામનવમી' નજીક આવતા જ યોગી સરકાર એલર્ટ, ભક્તોને ધ્યાને રાખતા અધિકારીઓને મહત્વનો આદેશ આપ્યો

*લખનૌ,તા.૨૫*

*દેશભરમાં ચૈત્ર રામનવમીની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ધર્મનગરી અયોધ્યામાં ભગવાન રામના જન્મની ઉજવણીમાં સમગ્ર રામ નગરી ઉમટી પડી છે. રામનવમીના કારણે ભગવાન રામની જન્મજયંતિ માટે મોટી સંખ્યામાં ભક્તો અયોધ્યા પહોંચી રહ્યા છે. આવી સ્થિતિમાં યોગી સરકાર અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓને કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે સતત પ્રયાસો કરી રહી છે. ભૂતકાળમાં અયોધ્યાની મુલાકાતે ગયેલા મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રામ નવમીના મેળાને લઈને જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને બેઠકમાં મુખ્ય પ્રધાને સૂચના આપી હતી કે રામ નવમી દરમિયાન કોઈ પણ ભક્તને કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે.*

*મળતી માહિતી મુજબ અયોધ્યા ડેપોએ શ્રદ્ધાળુઓ માટે ૯૦ વધારાની બસો ચલાવી છે. જેથી ભક્તોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે. રામનગરીમાં આવતા રામ ભક્તો સરળતાથી ભગવાન રામની નગરીમાં પહોંચી શકે છે અને તેમના દેવતાની જન્મજયંતિમાં ભાગ લઈ શકે છે. વધારાની ૯૦ બસોના ડ્રાઈવર અને કંડક્ટરને નિર્દેશ આપવામાં આવ્યો છે. ભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે, ભક્તોને સંપૂર્ણ સુવિધા મળી શકે, જ્યારે તેઓ તેમના ગંતવ્ય સ્થાનેથી નીકળે ત્યારે તેઓ સુરક્ષિત રીતે તેમના ગંતવ્ય સ્થાને પહોંચે.*

## થાણે જીલ્લાના અંબરનાથમાં પાણી ભરેલા ખાડામાં ડૂબીને બે બાળકોના મોત

થાણે,તા.૨૫

થાણે જિલ્લાના અંબરનાથમાં પાઈપલાઈન માટે ખોદવામાં આવેલા પાણી ભરેલા ખાડામાં ડૂબી જવાથી બે બાળકોના મૃત્યુ થયા હોવાનો બનાવ નોંધાયો હતો. પોલીસે બે કૉન્ટ્રેક્ટર વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધ્યો હતો.પોલીસના જણાવ્યા મુજબ અંબરનાથમાં ધવલપાડા વિસ્તારમાં બુધવારે છ અને આઠ વર્ષના બાળકો પોતાના ઘરની નજીક રમી રહ્યા હતા. એ દરમિયાન અકસ્માતે વરસાદી પાણીથી ભરેલા ખાડામાં રમતા સમયે પડી ગયા હતા. ફાયરબ્રિગેડે બંને જણને બહાર કાઢ્યા હતા. જોકે હૉસ્પિટલમાં સારવાર પહેલાં જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ઉલ્હાલનગર ડિવિઝનના હિલ લાઈન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પી. ડી. કદારકના જણાવ્યા મુજબ મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડૅવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી) દ્વારા આ વિસ્તારમાં પાણીની પાઈપલાઈનનું કામ ચાલી રહ્યું છે, તે માટે અહીં ખાડો ખોદવામાં આવ્યો હતો. આ ખાડો ખુલ્લો જ રાખવામાં આવ્યો હતો. આ દરમિયાન બે દિવસ પહેલા કમોસમી વરસાદને કારણે ખાડામાં પાણી ભરાઈ ગયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ એમઆઈડીસીના બે કૉન્ટ્રેક્ટર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. આ દુર્ઘટના બાદ મૃત્યુ પામેલા બાળકોના પરિવાર અને સ્થાનિક રહેવાસીઓએ કૉન્ટ્રેક્ટર વિરુદ્ધ પગલાં લેવાની માગણી સાથે દેખાવો કર્યા હતા.

# કેટલાક લોકોએ ભાષાને વોટબેંકનો ખેલ બનાવી, અમે વિકાસનું માધ્યમ બનાવીઃ મોદી

બેંગ્લુરૂ,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના પ્રવાસે હતાં આ દરમિયાન તેમણે ચિક્કાબલ્લાપુર ખાતે મધુસુદન સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ અને 'શ્રી સત્ય સાઈ રાજેશ્વરી મેમોરિયલ બ્લોક'નું ઉદઘાટન કર્યુ હતું. આ સાથે પીએમે એક રેલીને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે ઘણી વખત લોકો પૂછે છે કે આટલા ઓછા સમયમાં ભારતનો વિકાસ કેવી રીતે થશે? આટલા પડકારો છે, આટલું કામ છે, આટલા ઓછા સમયમાં કેવી રીતે પૂર્ણ થશે? દરેકનો પ્રયાસ આ પ્રશ્નનો જવાબ છે. 'સ્વતંત્રતાના અમૃત મહોત્સવ' દરમિયાન આપણે દેશના વિકાસ માટે સંકલ્પ લીધો છે.

પીએમ મોદીએ કહ્યું કે પહેલા હું મેડિકલ કોલેજ ઓફ ઈન્ડિયા સામેના પડકારનો ઉલ્લેખ કરવા માંગુ છું. આ પડકારને કારણે ગામના, ગરીબ, પછાત સમાજના યુવાનો માટે ડૉક્ટર બનવું ખૂબ જ મુશ્કેલ હતું. કેટલાક પક્ષોએ પોતાના રાજકીય સ્વાર્થ અને વોટબેંક માટે ભાષાની રમત રમી છે. પણ ખરેખર ભાષાને મજબૂત કરવા માટે જે કામ થવું જોઈતું હતું તે થયું નથી. કન્નડ દેશની ગૌરવપૂર્ણ ભાષા છે. અગાઉની સરકારોએ કન્નડમાં મેડિકલ અને એન્જિનિયરિંગ શિક્ષણ માટે કોઈ પગલું ભર્યું નથી. કેટલાક રાજકીય પક્ષો ઈચ્છતા ન હતા કે ગામડાના ગરીબ, દલિતોના દીકરા-દીકરીઓ ડૉક્ટર બને.અમારી સરકાર દીકરીઓને એવું જીવન આપવા માટે વ્યસ્ત છે, જેથી તેઓ પણ સ્વસ્થ રહે અને ભવિષ્યના બાળકો પણ સ્વસ્થ રહે. આરોગ્યની સાથે સાથે ડબલ એન્જિન સરકાર માતાઓ, બહેનો અને પુત્રીઓના આર્થિક સશક્તિકરણ પર સંપૂર્ણ ધ્યાન આપી રહી છે. છેલ્લા ૯ વર્ષોમાં ભારતમાં સ્વાસ્થ્ય સેવાઓને લઈને ખૂબ જ પ્રમાણિકતાથી, ખૂબ જ કાર્યક્ષમતાથી કામ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. દેશમાં મેડિકલ એજ્યુકેશનને લગતા ઘણા સુધારા કરવામાં આવ્યા છે.પીએમ મોદીએ કહ્યું કે દેશમાં લાંબા સમયથી આવી રાજનીતિ ચાલી રહી છે, જ્યાં ગરીબોને માત્ર વોટ બેંક માનવામાં આવે છે. અગાઉ ગરીબો હોસ્પિટલમાં જવાની હિંમત કરી શકતા ન હતા, પરંતુ અમે તેનો ઉકેલ લાવ્યો. આ પહેલા પીએમ મોદીએ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈ સાથે સર એમ. વિશ્વેશ્વરાયના સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમને સમર્પિત મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી.

## મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી, ત્રણ દિવસમાં બીજી વખત ભૂકંપી આંચકા

ભોપાલ,તા.૨૫

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૪.૦ હતી. કહેવામાં આવી રહ્યું છે કે ભૂકંપ સવારે ૧૦: ૩૧ વાગ્યે આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી દૂર ગ્વાલિયરથી ૨૮ કિમી દૂર હતું. બીજી તરફ છત્તીસગઢના અંબિકાપુર સહિત આસપાસના વિસ્તારોમાં સવારે ૧૦.૩૯ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

તેનું કેન્દ્ર સૂરજપુરના ભાટગાંવથી ૧૧ કિમી દૂર હોવાનું કહેવાય છે. છત્તીસગઢના સૂરજપુર જિલ્લામાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા છે.'

# તંત્રી લેખ

## રાહુલને ઝાટકો

રાહુલ ગાંધીની માઠી બેઠી લાગે છે. સુરતની એક અદાલત દ્વારા અપરાધિક માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવ્યા બાદ આજે તેમની સંસદીય સદસ્યતા પણ ચાલી ગઈ છે. હવે ખબર નહીં આગળ શું થશે, પરંતુ પોતાની સજા પર રાહુલ ગાંધીના એમ કહેવાનો કોઈ મતલબ નથી કે સત્ય મારો ભગવાન છે. મહાત્મા ગાંધીના આ કથનનો ઉલ્લેખ કરવો એટલા માટે વ્યર્થ છે, કારણ કે તેમને જે નિવેદન માટે માનહાનિના દોષીત ગણાવવામાં આવ્યા છે, તેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધવા માટે લલિત મોદી, નીરવ મોદીનો ઉલ્લેખ કરતાં એમ જે કહ્યું હતું કે તમામ મોદી ચોર કેમ હોય છે, તે દરેક દષ્ટિએ એક અપમાનજનક અને અભદ્ર નિવેદન હતું. ગત લોકસભા ચૂંટણીના અવસર પર તેમના તરફથી આપવામાં આવેલ આ નિવેદન એક જાતિ વિશેષના લોકો પ્રત્યે તેમની દુર્ભાવના જ દર્શાવે છે. આ જ કારણ છે કે તેમને માનહાનિના દોષી ઠેરવવામાં આવ્યા. રાહુલ ગાંધીને એ આભાસ હોવો જોઈતો હતો કે પોતાના એક નવેદનથી એક જાતિના લોકોને તેઓ લાંછિત કરી રહ્યા હતા. તેઓ કોંગ્રેસના મોટા નેતા છે, તેનો મતલબ એ નહીં કે તેઓ સંભાળીને બોલવાનું છોડી દે અને જે મનમાં આવે, તે બોલી નાખે. સમસ્યા એ છે કે તે એવું જ કરતા રહે છે અને એ જ કારણે રહી-રહીને ટીકા અને વિવાદનું કેન્દ્ર બનતા રહે છે.

કોઈને કશું પણ કહી દેવું અને ત્યાં સુધી કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો બેજવાબદાર હરકત જ નહીં, ખુદને અતિ વિશિષ્ટ સમજવાની માનસિકતા પણ છે. જાહેર જીવનમાં આવી સામંતી માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. આજે આ માનસિકતાને કારણે તેમણે સંસદનું સભ્યપદ ગુમાવવું પડ્યું છે, તે કોઈ જેવું તેવું નુક્સાન નથી. રાહુલ ગાંધીએ પોતાના અપમાનજનક નિવેદન માટે ક્ષમા માંગી લેવાની જરૂર હતી, પરંતુ રાજકીય કારણોસર તેમણે એવું કરવાનો ઈનકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આજે તેમના રાજકારણ પર જ બ્રેક લાગી ગઈ. જોકે પોતાની આ હાલત માટે તેઓ બીજા કોઈને દોષ ન આપી શકે. વિચિત્ર વાત એ છે કે કોંગ્રેસીઓ રાહુલ ગાંધીનો બચાવ કરતાં ન્યાયિક પ્રક્રિયા પર જ પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એનાથી કશું વળવાનું નથી. રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય. રાહુલ ગાંધી તો એ સારી રીતે જાણતા જ હતા કે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણીને ખોટી રીતે ઉલ્લેખ કરતાં જ્યારે તેમણે એમ કહી દીધું હતું કે હવે તો શીર્ષ અદાલત પણ કહી રહી છે કે ચોકીદાર ચોર છે, ત્યારે તેમણે નાકલીટી તાણીને માફી માંગવી પડી હતી. રાહુલનું સાંસદ પદ ગયું એમાં કોંગ્રેસીઓ ઘણા બેબાકળા થઈ ગયા છે. જોકે આવું પહેલી વાર નથી થયું. આ પહેલાં પણ લાલુ યાદવ, આઝમ ખાન, જયલલિતા વગેરે કેટલાય સાંસદો કે ધારાસભ્યોની સદસ્યતા સજા મળતાં જ રદ્દ કરી દેવામાં આવી હતી. કોંગ્રેસે હવે આત્મમંથન કરવાની જરૂર છે. રાહુલ ગાંધીને થયેલી સજા અને ત્યાર પછીના ઘટનાક્રમથી હવે કદાચ તે કંઈક શીખશે.

# છિન્ન- પ્રકરણ ૪

સિનસિનાટીની ખુલ્લી હવામાં શ્વાસ લેતાની સાથે સંદિપ શ્રેયાની સાથે થયેલી વાતોને મનથી દૂર હડસેલી કામે લાગ્યો. એને આ દિવસોનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવો હતો. એ જે જાણવા, જે શીખવા આવ્યો હતો, જે અનુભવ લેવા આવ્યો હતો એમાં જાતને સંપૂર્ણ ડૂબાડી દેવી હતી. બીજા કોઈ વિચારો મન પર કબજો જમાવે નહીં એટલી હદે એને વ્યસ્ત રહેવુ હતુ. આમ પણ હવે શ્રેયાનો નિર્ણય જ આખરી રહેવાનો હતો. એને જે કહેવુ હતુ એ બધું જ એણે કહી ચૂક્યો હતો અને બાકી હતું એ છેલ્લે શ્રેયાથી છુટા પડતી વખતે કહીને આવ્યો હતો.

“શ્રેયા, આજથી માંડીને ૬ મહિના સુધીમાં તું જ્યારે જે નિર્ણય લઈશ એ મારો પણ નિર્ણય હશે. તારું મન જો ક્યારેય મારી તરફ ઢળે તો પણ મને જણાવવાની ઉતાવળ કરીશ નહીં. રખેને એ નિર્ણય કોઈ દબાવ કે લાગણીવશ થઈને લેવાયો હોય તો મને જણાવીશ નહીં ત્યાં સુધી એની પર ફરી વિચારવાનો તને અવકાશ રહેશે. આ અંગે હવે આપણે આ સ્ટડી ટૂર પતે નહીં ત્યાં સુધી કોઈ વાત કે ચર્ચા નહીં કરીએ. પણ હા ! જો તારો પોઝિટિવ અપ્રોચ હોય તો હું પાછો આવુ ત્યારે એરપોર્ટ પર લેવા તો આવીશને?”

શ્રેયાએ એને મૂક સંમતિ આપી હતી.

બેંગ્લોર પહોંચ્યાં પછી શ્રેયાએ પણ સમગ્ર ધ્યાન એ પ્રોજેક્ટ પર કેન્દ્રિત કર્યું, પણ કોણ જાણે કેમ હવે એ પોતાની જાતને સંદિપથી અલગ પાડી શકતી જ નહોતી. સેપ્ટના એ દિવસો, રાતોની રાતો જાગીને કરેલા પ્રોજેક્ટ સબમિશન માટેના ઉધામાના વિચાર આવતા.

“સ્ટોપ ઈટ એન્ડ લેટ્સ હેવ અ કૉફી બ્રેક.” અઢળક કામ વચ્ચે સંદિપનો મૂડ એકદમ બદલાઈ જતો અને બધું જ પડતું મુકીને બધાને કેન્ટીનમાં ઘસડી જતો. સંદિપનું બધું જ કામ મૂડ પર અવલંબિત હતુ. ક્યારેક મૂડ ન હોય તો સમયની ગમે તેટલી મારામારી હોય છતાં એ કામે વળગતો જ નહી અને કામ કરતાં કરતાં જો મૂડ બદલાઈ જાય તો બધા કામ લટકતા મુકીને ઉભો થઈ જતો. આ વાતની શ્રેયાને સખત ચિઢ રહેતી .

“કામ એટલે કામ વળી ,એમાં મૂડ કેવો? જે કામ કરવાનુ જ છે એ જેટલું બને એટલું વહેલું પતી જાય તો પછી તારે જેટલો લેવો હોય એટલો બ્રેક લેને તને કોણ રોકે છે? કામ સમયસર કે એનાથી પહેલાં પતે અને એમાં કોઈ જરૂરી કરેક્શન હોય તો એનાં માટે સમય હાથ પર તો રહેને?”

સંદિપનું કામ છેલ્લી ઘડી સુધી રહેતું. શ્રેયાનું કામ વ્યવસ્થિત પ્લાનિંગવાળું હતું.

“જો પૂરતો સમય હોય તો પાછળ ઘઈ કેમ ઊભી રાખવી?”

“ભઈ, તારા કામનાં ડેડિકેશન માટે તને સો સો સલામ પણ અત્યારે તો હવે કૉફી બ્રેક લે. યુ રિયલી નીડ અ ગુડ કૉફી, આખી રાત કામ ખેંચવુ છે ને?” શ્રેયાને છેવટે કૉફી બ્રેક માટે સંદિપની પાછળ ખેંચાવુ જ પડતું.

અત્યારે સંદિપ સાથે નહોતો એટલે શ્રેયા પોતાની રીતે વ્યવસ્થિત કામે લાગી શકતી. આ છ મહિના દરમ્યાન સખત કામ રહેવાનું હતું એટલે સમયની પાબંદ શ્રેયાએ સમય કરતાં કામ વહેલું પતે તેવી તકેદારી પહેલેથી રાખી હતી. સંદિપ સાથે હતો ત્યારે એ બધા શિડ્યુલ વેરવિખેર કરી નાખતો. અત્યારે જ્યારે સંદિપ નથી ત્યારે એની યાદ ચિત્તને વેરવિખેર કરી રહી હતી. શ્રેયા ઈચ્છતી નહોતી તેમ છતાં મન વારેવારે સંદિપને યાદ કરી લેતું હતું. આમ કેમ થતું હશે? સંદિપ હાજર હતો ત્યારે શ્રેયાને ક્યારેક એની હાજરી અકળાવનારી લાગતી અને અત્યારે જ્યારે એ હાજર નથી ત્યારે એની ગેરહાજરી વધુ સાલતી હતી.

શ્રેયાને રહી રહીને લાગતું હતું કે જાણે સંદિપ હવે એનાં જીવનનો એક ન અવગણી શકાય એવો હિસ્સો બની રહ્યો હતો.. જેટલી વધુ ને વધુ શ્રેયા પોતાની જાતને કામમાં રોકી રાખવા મથતી એટલી વધુ તિવ્રતાથી સંદિપ જાણે એનું મન રોકી રાખતો હતો. આ પ્રેમ હશે?

પણ હ્રદયના ખૂણે ભિનાશ કેમ નથી અનુભવાતી? ચિત્તમાં જ્યારે સંદિપ જેટલો પડઘાય છે ત્યારે હ્રદય કેમ એટલું એના નામથી થડકાર નથી અનુભવતું? હજુ એના વગર એક ક્ષણ પણ રહી નહી શકાય એવી તાલાવેલી કેમ નથી થતી છતાંય એ ક્ષણવાર પણ મનથી દૂર ખસતો નથી. ઓ ! ભગવાન આ તે કેવી અવઢવ !

અંતે શ્રેયાએ અમદાવાદ પહોંચીને નક્કી કરી લીધું કે, જ્યારે સંદિપ આવશે ત્યારે એ એને લેવા એરપોર્ટ જશે જ. મનની એક ડામાડોળ પરિસ્થિતિમાંથી એ બહાર આવી ગઈ હતી. એક વાત પપ્પા અને સંદિપની સાચી લાગતી હતી, પ્રેમ કરીને જ પરણાય? આપસી સમજ હોય તો ?દુનિયામાં પરણીને પણ પ્રેમ કરી સુખી થનારાં એની ?સાવ આસપાસ જ હતાં. વળી સંદિપથી વધીને બીજું કોણ એને સમજવાનું હતું? સંદિપનો નિર્ણય આજે એને સાચો લાગતો હતો. હવે બાકીની વાત બંને પરિવાર જાણે, પણ શ્રેયાએ એનો નિર્ણય પપ્પાને જણાવી દીધો.

આલેખનઃરાજુલ કૌશિક

## અમદાવાદ ખાતે નહેરુ યુવા કેન્દ્ર અને આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુવા ઉત્સવ - ૨૦૨૩ કાર્યક્રમ યોજાયો




### ભારત જ્યારે G-20નું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે યુવાનોએ પણ તેમાં ભાગીદાર થઈ તેમના કૌશલ્ય થકી દેશને વધુ પ્રગતિશીલ બનાવવો જોઈએ: મેયરશ્રી કિરીટભાઈ પરમાર

ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય અંતર્ગત આવેલ નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ અને શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુવા ઉત્સવ-૨૦૨૩નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમ દ્વારા યુવાનોમાં રહેલ કળા-કૌશલ્ય બહાર આવશે અને તેઓના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવા આશયથી શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તે બદલ તેમણે શુભેચ્છાઓ પાઠવું છું. સાથે જ વિવિધ સ્પર્ધાઓ ભાષણ, ચિત્રકળા, મોબાઈલ ફોટોગ્રાફી, કવિતા લેખન અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ કાર્યક્રમની શોભા વધારી છે જેનો ખૂબ જ આનંદ થઈ રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મેયરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આ વિવિધ સ્પર્ધાઓમાં અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે તે બદલ તેમને અને તેમના માતા-પિતાઓને શુભેચ્છાઓ પાઠવું છું. યુવાનોએ પોતાનું કૌશલ્ય પ્રગટ કરવા આવી અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લેવો જ જોઈએ અને તેઓના ઉત્સાહમાં વધારો કરવા ભારત સરકાર અને ગુજરાત સરકાર કટિબદ્ધ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ વિવિધ યોજનાઓ થકી ગુજરાત અને ભારતના યુવાનોને દેશ-વિદેશમાં પોતાના કૌશલ્ય થકી ઓળખ પ્રસ્થાપિત કરવા અનેક પ્રયત્નો કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભારત જ્યારે G-20નું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે યુવાનોએ પણ તેમાં ભાગીદાર થઈ તેમના કૌશલ્ય થકી દેશને વધુ પ્રગતિશીલ બનાવવો જોઈએ.

અંતે તેઓએ વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.સાથે સાથે આ કાર્યક્રમ દરમ્યાન સરકારશ્રીની વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર હેતુ વિવિધ સ્ટોલની મુલાકાત પણ લીધી હતી. આ યુવા ઉત્સવ કાર્યક્રમમાં શ્રી આર. એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ટ્રસ્ટી શ્રી ડૉ. સૌરભભાઈ પટેલ, પ્રિન્સિપાલ શ્રી આઈ. બી. ઐયર, નહેરુ યુવા સંગઠન ગુજરાતના નિયામક શ્રીમતી મનીષાબેન શાહ, અમદાવાદ જિલ્લા યુવા અધિકારી શ્રી મહેશ રાઠવા અને કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- મિતેશ સોલંકી

## બિલ્ડરોના ત્રાસથી આધેડનો આપઘાત, સુસાઈડ નોટમાં ૬ શખ્સનો ઉલ્લેખ

ભાવનગર,તા.૨૫

ભાવનગરના પાલીતાણામાં એક આધેડે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી છે, આધેડે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ છે.મૃતક આધેડ પાસેથી સુસાઈટ નોટ પણ મળી આવી છે .જેમાં ભાવનગરના ચાર બિલ્ડરો સહિત છ શખ્શોના નામનો ઉલ્લેખ છે. મહત્વનું છે કે ચિતસર રોડ પર આધેડે લીધેલા ફ્લેટ પર પણ કબ્જો કર્યાનો આરોપ છે. વાંરવાર રજૂઆત છતા બિલ્ડરોએ ફ્લેટ ખાલી ન કરતા આધેડે આપઘાત કર્યો હોવાનુ સામે આવ્યુ છે.

બીજી તરફ મૃતકના દિકરાનો આક્ષેપ છે કે આ અંગે તેણે બે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, છતા કોઈ કાર્યવાહી કરાઈ નથી.પોલીસને વારંવાર રજૂઆત છતા કોઈ કાર્યવાહી ન કરાતા આધેડે મોત વ્હાલુ કર્યું. હાલ તો પોલીસે સુસાઈટ નોટને આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ પહેલા સુરતના મોટા મોટા વરાછા બિલ્ડરે ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આત્મહત્યાના પ્રયાસ પહેલા તેને એક વીડિયો દ્વાર તેની વેદના વ્યક્ત કરી હતી.માહિતી મુજબ મોટા વરાછા બિલ્ડરને સહજાનંદ વિહાર ગૃપમાં નાણાની લેતી દેતીની મામલે પરેશાન કરવામાં આવતા આવતા હતા. તેમના નિકટના મિત્રે એબીપી સાથે વાત કરતા અન્ય બિલ્ડર્સ અને દલાલ હેરાન કરતા હોવાની વાતનો ખુલાસો કર્યો હતો. આપઘાતનો પ્રયાસ કર્યા પહેલા બિલ્ડરે પણ પોતાના વિશે કેટલીક વાતો જણાવતા વેદના વ્યક્ત કરી હતી. વીડિયો સામે આવતા ચરચાર મચી ગઈ હતી.

## રાજકોટ : લાખોની લાંચ લેતા ઝડપાયેલા ક્લાસ વન અધિકારીએ આપઘાત કર્યો

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં કેન્દ્ર સરકારના ક્લાસ વન અધિકારી લાંચ લેતા ઝડપાયા હતા. જેના બાદ તેઓએ પોલીસ કમિશનરની ઓફિસના ચોથા માળેથી ઝંપલાવીને આપઘાત કર્યો હતો. ડાયરેક્ટર જનરલ ફોરેન ટ્રેડના જોઈન્ટ ડાયરેક્ટર જવાલાલ બિસ્નોઇએ ઓફિસની બિલ્ડીંગના ચોથા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો છે. તેઓ આજે સવારે ઓફિસના ચોથા માળથી નીચે કૂદકો માર્યો હતો, જેના બાદ તેમનું મૃત્યુ થયું હતું. ગઈકાલે જ બિશ્નોઈ સીબીઆઇના હાથે રૂપિયા પાંચ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. સીબીઆઈની ટ્રેપ બાદ આખી રાત ઓફિસ અને ઘરમાં દરોડાની કાર્યવાહી ચાલી હતી. સિનિયર અધિકારીએ બદનામીના ડરથી આપઘાત કર્યાની શંકા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સીબીઆઇએ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડના અધિકારી જવરીમલ બિશ્નોઈને લાંચ લેતા ઝડપ્યા હતા. ઝ્રમ્ૈં એ ૫ લાખ રૂપિયાની લાંચ લેતા તેઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. તેઓએ ઁદ્ગઝ્ર માટે ૯ લાખ રૂપિયાની માગ કરી હતી.

તેમની સામે ફરિયાદ હતી કે, તેણે પોતાની ફૂડ કેનની નિકાસ માટે બેંકમાં રૂપિયા ૫૦ લાખની ગેરન્ટી લીધી હતી અને એના માટે ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડનું ઁદ્ગઝ્ર જરૂરી હતું. પરંતુ લાંચિયા અધિકારી જાવરીમલ બિશ્નોઇ દ્વારા રૂપિયા ૯ લાખની માગણી કરાઈ હતી. જેના બાદ તેઓ રૂપિયા આપવા તૈયાર થયા હતા. ૫ લાખ રૂપિયા પ્રથમ હપતા પેટે આપવાના હતા. જેથી આ અંગે ફરિયાદીએ સીબીઆઈને જાણ કરી હતી. સીબીઆઈએ આ માટે એક ઝટકું ગોઠવ્યુ હતું અને બિશ્નોઈને રૂપિયા ૫ લાખ લેતા ઝડપી પાડ્યા હતા. સીબીઆઈવી ટ્રેપ બાદ આખી રાત તેમની ઓફિસ અને ઘરમાં દરોડાની કાર્યવાહી ચાલી હતી. જેથી સિનિયર અધિકારી બિશ્નોઈએ બદનામીના ડરથી આપઘાત કર્યાની શંકા સેવાઈ રહી છે. જવરીમલ બિશ્નોઈએ આપઘાત કરતાં તેમના પરિવારે સીબીઆઇ પર આરોપ લગાવ્યા છે. જ્યારે મૃતકના પરિવારે સીબીઆઇના અધિકારી પર હુમલો પણ કર્યો હોવાનું સામે આવ્યું છે.

## આર્થિક સંકટ વચ્ચે, વધતી જતી મોંઘવારીએ આ વખતે ઉપવાસ કરવાનું મુશ્કેલ બનાવી દીધું



ઈસ્લામાબાદ,તા.૨૫

ગરીબ પાકિસ્તાનની હાલત દિન પ્રતિદિન કફોડી બનતી જાય છે. દેશમાં લોકોને નાની નાની વસ્તુઓ ખરીદવા માટે પણ વધુ રકમ ચૂકવવી પડે છે. ૨૨ માર્ચે પૂરા થયેલા સપ્તાહ દરમિયાન પાકિસ્તાનનો ટૂંકા ગાળાનો વાર્ષિક ફુગાવાનો દર (પાકિસ્તાન ફુગાવો) ૪૬.૬૫ ટકા વધ્યો છે. આ દેશના ઈતિહાસમાં પ્રથમ વખત મોંઘવારી આટલા હદે વધી ગઈ છે કે વાત ન પુછો.

પાકિસ્તાનમાં ગુરૂવારથી રમઝાનનો પ્રારંભ થયો છે, જેને ખૂબ જ પવિત્ર મહિનો માનવામાં આવે છે. પરંતુ આ વખતે આ દેશ માટે થોડો મુશ્કેલ સમય છે. આર્થિક સંકટ વચ્ચે, વધતી જતી મોંઘવારીએ આ વખતે ઉપવાસ કરવાનું મુશ્કેલ બનાવી દીધું છે. પાકિસ્તાનના લોકો હાલમાં ખૂબ જ ખરાબ સ્થિતિમાં જીવી રહ્યા છે. લોટની અછત વચ્ચે હવે રમઝાન મહિનામાં જરૂરી તારીખો પર સંકટ ઉભું થયું છે. ખજૂર સાથે ઉપવાસ તોડનારા લોકો ખૂબ જ પરેશાન છે કારણ કે તેમના ભાવ આસમાને છે. દેશમાં મોંઘવારી હાલમાં ૫૦ વર્ષની ટોચે છે.

પાકિસ્તાન બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સે કહ્યું કે પાકિસ્તાનમાં ખાદ્યપદાર્થોની કિંમતોમાં વધારો થવાને કારણે મોંઘવારીનો દર આટલો વધી ગયો છે. તે જ સમયે, સપ્તાહ દરમિયાન મોંઘવારી દરમાં ૧.૮૦ ટકાનો વધારો થયો છે. છેલ્લા સપ્તાહ દરમિયાન ટૂંકા ગાળાનો વાર્ષિક ફુગાવાનો દર ૪૫.૬૪ ટકા રહ્યો હતો.

ગત સપ્તાહ દરમિયાન પાકિસ્તાનમાં ૨૬ વસ્તુઓના ભાવમાં વધારો થયો છે જ્યારે ૧૨ વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. જ્યારે ૧૩ વસ્તુઓની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ટામેટાની કિંમત ૭૧.૭૭ ટકા, ઘઉંના લોટની કિંમત ૪૨.૩૨ ટકા, બટાકાની કિંમત ૧૧.૪૭ ટકા, કેળાની કિંમત ૧૧.૦૭ ટકા, બ્રાન્ડેડ ચાની કિંમત ૭.૩૪ ટકા, ખાંડની કિંમત ૨.૭૦ ટકા, દાળની કિંમત ૧.૫૭ ટકા અને ગોળની કિંમતમાં ૧.૦૩ ટકા સુધીનો વધારો થયો છે. ત્યારે કેટલીક કોમોડિટીઝના ભાવમાં ઘટાડો થયો છે તેમાં ચિકન મીટ ૮.૧૪%, મરચાંનો પાવડર ૨.૩૧%, એલપીજી ૧.૩૧%, સરસવનું તેલ ૧.૧૯%, લસણ ૧.૧૯%, રસોઈ તેલ ૦.૨૧%, કઠોળનો સમાવેશ થાય છે. મૂંગમાં ૦.૧૭%, મસૂરમાં ૦.૧૫% અને ઈંડામાં ૦.૦૩%નો વધારો થયો છે.

પાકિસ્તાનનો વિદેશી મુદ્રા ભંડાર દિવસેને દિવસે ઘટી રહ્યો છે. સરકાર તરફથી તેને સુરક્ષિત રાખવા માટે કેટલીક વસ્તુઓની આયાત પર કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. ગયા વર્ષે મે મહિનાથી ડ્રાય ફ્રૂટ્સ અને તાજા ફળો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. થોડા સમય પછી આ પ્રતિબંધો હટાવવામાં આવ્યા પરંતુ તેમ છતાં કોઈ ફાયદો થયો નહીં.

## રાહુલનું સભ્યપદ છીનવાયા બાદ વિધાનસભામાં કૉન્ગ્રેસ અને એનસીપીએ બીજેપીની ટીકા કરી




### કૉન્ગ્રેસ અને એનસીપીના વિધાનસભ્યોએ વિધાનસભાની સીડી પર વિરોધ કર્યો

મુંબઈ,તા.૨૫

રાહુલ ગાંધીને લોકસભાના સભ્ય તરીકે અયોગ્ય ઠેરવવાના વિરોધમાં વિપક્ષો વિધાનસભામાંથી વૉકઆઉટ કર્યું હતું. એ જ મુદ્દાને લઈને કૉન્ગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉન્ગ્રેસ પાર્ટી (એનસીપી)ના વિધાનસભ્યોએ વિધાનસભાની સીડી પર વિરોધ કર્યો હતો. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કૉન્ગ્રેસી નેતા અશોક ચવાણે પત્રકારોને કહ્યું હતું કે અમે આ નિર્ણયની નિંદા કરીએ છીએ અને લોકો આટલા નીચેના સ્તરે ગયેલી રાજનીતિને ક્યારેય સ્વીકારશે નહીં. વિધાનસભ્યોએ તેમના વિરોધના ભાગરૂપે કાળી પટ્ટી પહેરી હતી. પ્રદેશ કૉન્ગ્રેસ અધ્યક્ષ નાના પટોળેએ કહ્યું હતું કે ‘નીરવ મોદી, લલિત મોદી, મેહુલ ચોકસી અને વિજય માલ્યા જેવા લોકો દેશને લૂંટીને ભાગી ગયા. રાહુલ ગાંધી આ મુદ્દાને હાઈલાઈટ કરી રહ્યા હતા. બીજેપીની માનસિક રચના લોકશાહીને ખતમ કરવાની છે.’

વિધાનસભામાં વિપક્ષના નેતા અજિત પવારે હાલની પરિસ્થિતિ અને ઈમર્જન્સી વચ્ચે સરખામણી કરતાં કહ્યું હતું કે દેશના લોકોને ઈન્દિરા ગાંધી (૧૯૭૫માં) દ્વારા લાદવામાં આવેલી ઈમર્જન્સી ગમતી નહોતી અને તેમને હરાવ્યાં હતાં.

કૉન્ગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાટે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત સંસદીય સમિતિની તપાસ કરવાની મંજૂરી આપી નથી અને અદાણી મુદ્દે પણ બોલ્યા નથી, પરંતુ બીજેપી અપ્રસ્તુત મુદ્દાઓ ઉઠાવી રહી છે.

ભારતીય જનતા પાર્ટીના વિધાનસભ્ય અતુલ ભાતખળકરે વૉકઆઉટને હાસ્યજનક ગણાવીને કહ્યું હતું કે જે કાયદો કૉન્ગ્રેસની આગેવાની હેઠળની યુપીએ (યુનાઈટેડ પ્રોગ્રેસિવ અલાયન્સ) સરકાર દ્વારા બનાવવામાં આવ્યો હતો અને કેન્દ્રએ એનો અમલ કર્યો હતો એ કાયદા હેઠળ સભ્યને દોષી ઠેરવ્યા પછી ગેરલાયક ઠેરવવામાં આવે છે. ‘બધા ચોરોની કૉમન અટક મોદી કેવી રીતે હોઈ શકે?’ એવી રાહુલ ગાંધીની ટિપ્પણી પર બીજેપીના વિધાનસભ્ય પૂર્ણેશ મોદીએ ફરિયાદ નોંધાવી હતી. સુરતની અદાલતે ગુરુવારે રાહુલ ગાંધીને બદનક્ષીના કેસમાં બે વર્ષની જેલની સજા સંભળાવી હતી.

કેરળના વાયનાડ સંસદીય મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા લોકસભાના સભ્ય રાહુલ ગાંધીને દોષી ઠરાવ્યાની તારીખ એટલે કે ૨૩ માર્ચ, ૨૦૨૩થી લોકસભાના સભ્યપદ માટે ડિસક્વૉલિફાય કરવામાં આવે છે.’ ડિસક્વૉલિફિકેશન થયા બાદ રાહુલ ગાંધી આઠ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં, સિવાય કે ઉચ્ચ અદાલત તેમના ચુકાદા અને સજા પર રોક લગાવે

હિન્દુત્વના વિચારક વી. ડી. સાવરકર વિરુદ્ધ ટિપ્પણી કરનારા રાહુલ ગાંધીના પોસ્ટરને ગુરુવારે જૂતાં-ચંપલથી ફટકારનારા બીજેપી અને શિવસેનાના સભ્યોના સસ્પેન્શનની કૉન્ગ્રેસના સભ્યો દ્વારા માગણી કરાતાં રાજ્ય વિધાનસભામાં કોલાહલ વ્યાપ્યો હતો. કૉન્ગ્રેસના વિધાનસભ્યો અને સત્તાધારી પક્ષ દ્વારા થયેલા સૂત્રોચ્ચારને પગલે વ્યાપેલા કોલાહલને કારણે કુલ ત્રણ વખત ગૃહનું કામકાજ સ્થગિત કરવામાં આવ્યું હતું.

વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે વડા પ્રધાન, મુખ્ય પ્રધાન અને દેશના નેતાઓનો ઉલ્લેખ કરવા બાબતે તેઓ સભ્યો માટે એસઓપી અને આચારસંહિતા ઈશ્યુ કરશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સાવરકર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું અપમાન કરવા બદલ વિરોધ પક્ષની ટીકા કરતાં કહ્યું હતું કે તેમનું અપમાન એ દેશનું અપમાન છે. કૉન્ગ્રેસના સભ્યોની માગણીના જવાબમાં સ્પીકર રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે મેં વિધાનસભાના સંકુલમાં થયેલી ઘટના પરનો રિપોર્ટ મગાવ્યો છે તેમ જ એનું વિડિયો ફુટેજ પણ મળ્યું છે, જે જોયા બાદ હું આદેશ આપીશ.

## અમદાવાદના ઈસ્કોન પાસે લકઝરી બસે ટક્કર મારતા યુવકનું મોત

અમદાવાદ,તા.૨૫

એસજી હાઈવે પર અકસ્માતના બે બનાવ બન્યાની ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. ઈસ્કોન બ્રિજ પાસે લકઝરી બસે ટક્કર મારતા બાઈક ચાલક યુવકનું મોત નિપજ્યું હતું. અન્ય બનાવમાં સોલા બ્રિજ પાસે સાઈડમાં ઉભેલા ટેમ્પોની પાછળ બાઈક ઘૂસી જતા મહિલાનું મોત થયું હતું. બાઈક ચાલક આધેડને ગંભીર ઈજા થઈ હતી. એસજી હાઈવે પોલીસે બંને બનાવ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈસ્કોન બ્રિજ પાસે ક્રોમા મોલની સામે જાહેર રોડ પર બાઈક ચાલકને લકઝરી બસે શુક્રવારે પરોઢે ૨.૫૦ વાગ્યે ટક્કર મારતા સોલા સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસ તપાસમાં ઈજાગ્રસ્ત યુવકનું નામ હરેશ નારાયણ દ્રીવેદી (ઉં,૨૪) હોવાનું જાણવા મળ્યું હતું. યુવકને વધુ સારવાર અર્થે અસારવા સિવિલ હોસ્પિટલ ખસેડાયો જ્યાં અનનોન પુરૂષ તરીકે એડમીટ કરવામાં આવ્યો હતો. યુવકને બંને પગલે તેમજ માથામાં ગંભીર ઈજા થઈ હોવાથી સારવાર દરમિયાન પરોઢે તેનું મોત નિપજ્યું હતું.

CYMK